દાખલ તારીખઃ– ૦૬/૦૩/૨૦૨૬.
રજી.તારીખઃ– ૦૬/૦૩/૨૦૨૬.
ફેસલ તારીખઃ– ૧૧/૦૩/૨૦૨૬.
સમય ગાળોઃ– વર્ષ માસ દિવસ

**રાજકોટ જિલ્લાનાં મહે. ૭ માં એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામઃ જેતપુર.**

ફોજ. પર. અરજી નં. ૯૧/૨૦૨૬.
આંકઃ–

(૧) મહેશભાઈ વનરાજભાઈ ખાચર
ઉ.આ.વ. ૨૬, ધંધોઃ મજૂરીકામ,
રહે. પાળીયાદ રોડ, આનંદધામ રેસીડન્સી,
બોટાદ, તા. જી. બોટાદ................................અરજદાર.
(હાલઃ સબજેલ જેતપુર)

**વિરૂદ્ધ**

ધી સ્ટેટ ઓફ ગુજરાત
થૃ એ.જી.પી.શ્રી, જેતપુર.............................સામાવાળા.

**બાબતઃ–બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

**અરજદાર તરફે વિ. વ. શ્રી ડી. એમ. વાઘેલા.**
**સામાવાળા શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એ. પંડ્યા.**

**ઠ રા વ**

(૧) અરજદારે હાલની અરજી બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ મુજબ રજૂ કરી જેતપુર તાલુકા પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૨૩૨૫૦૩૭૧/૨૦૨૫ થી પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનાં ગુનાના કામે અરજીમાં જણાવેલ જુદા જુદા કારણોને લક્ષમાં રાખી રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવા વિનંતી કરેલ છે.

(૨) અરજદારની અરજી તેમજ બંને પક્ષકારોનાં વિ. વ. શ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવી. તપાસ કરનાર અમલદારશ્રીએ રજૂ રાખેલ સોગંદનામું વંચાણે લીધું.

(૩) અરજદારના વિ. વ. શ્રીએ રજૂઆત કરેલ છે કે, અરજદાર નિર્દોષ

છે, અરજદારને આ ગુનાના કામે તા. ૦૨/૦૩/૨૦૨૬ નાં રોજ અટક કરવામાં આવેલ ત્યારથી તેઓ જયુડીશિયલ કસ્ટડીમાં છે. અરજદારે ચાર્જ અન્વયેનો કોઈ ગુનો કરેલ નથી. અરજદારને ગુનામાં સીધી કે આડકતરી રીતે સાંકળી શકાય તેવો કોઇ પ્રથમદર્શનિય કેસ નથી. અરજદાર મુદામાલ સબંધી કાંઇ જાણતા નથી. અરજદાર સામે નોંધાયેલ ગુનો તે વિ. જયુડી. મેજી. ફ. ક. શ્રી ટ્રાયેબલ છે. વધુમાં તેઓએ એવી રજૂઆત કરેલ છે કે, અરજદાર કુટુંબમાં એક માત્ર કમાનાર વ્યકિત છે, અરજદાર પર પોતાનાં પરિવારના સભ્યોના ભરણપોષણની જવાબદારી છે. અરજદાર ટ્રાયલ દરમિયાન નિયમીત હાજર રહેશે. નામદાર અદાલત ફરમાવે તેવી શરતોનુ પાલન કરવા ખુશી અને તૈયાર છે તેમજ આ ગુનાનાં અન્ય આરોપીને અત્રેની અદાલત દ્વારાં ફોજ. પર. અરજી નં. ૨૩૭/૨૦૨૫ તેમજ ફોજ. પર. અરજી નં. ૩૩૬/૨૦૨૫ નાં કામે જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ છે તેનાં કરતાં હાલનાં આરોપીનો વધારે કોઈ રોલ ન હોઈ વિગેરે હકીકતો જણાવી અરજદારને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) આ અદાલત દ્વારાં સામાવાળાને નોટીસ કાઢવામાં આવતાં શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એ. પંડ્યા હાજર થયેલ છે તેઓએ જણાવેલ છે કે, હાલમાં ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં આવા પ્રકારનાં આરોપીઓનાં કારણે રાજ્યનું યુવાધન નશાની લતે ચડી જાય છે અને જો આવા પ્રકારનાં આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો ફરીથી આવા પ્રકારનાં ગુના આચરશે અને કેસ ચાલતા ભવિષ્યમાં હાજર રહેશે નહીં જેથી ટ્રાયલ પણ લંબાવાની શક્યતાઓ હોઈ આરોપીને જામીન ઉપર મુકત ન કરવા રજૂઆત કરેલ છે. વધુમાં તપાસ કરનાર અધિકારીએ રજૂ રાખેલ સોગંદનામુ વંચાણે લીધેલ છે.

(૫) હાલનાં અરજદાર સામે આક્ષેપાયેલ ગુનાની ગંભીરતા, ગુનાની સજાની જોગવાઈ, બંને પક્ષોનાં વિ. વ. શ્રીઓની રજૂઆતો, રજૂ થયે કેસ પેપર્સ તેમજ તપાસ કરનાર અમલદારશ્રી તરફે રજૂ થયેલ સોગંદનામું ધ્યાને લીધું.

વધુમાં હાલનાં કામે રજૂ થયેલ પેપર્સ ધ્યાને લેવામાં આવે તો હાલનાં આરોપી વિરૂદ્ધ અગાઉ પણ આશરે ૩ જેટલા ગુના નોંધાયેલ છે

તેટલા કારણ માત્રથી આરોપીને તેનાં જામીનના અધિકારથી વંચિત રાખી શકાય નહીં. વધુમાં હાલનાં કામે આ ગુનાનાં અન્ય આરોપીઓને અત્રેની અદાલત દ્વારાં ફોજ. પર. અરજી નં. ૨૩૭/૨૦૨૫ તેમજ ફોજ. પર. અરજી નં. ૩૩૬/૨૦૨૫ નાં કામે જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ છે તે આરોપીઓનો રોલ તેમજ હાલનાં કામનાં આરોપીનો ગુનામાં રોલ ધ્યાને લેતાં તેમજ કેસ ચાલવામાં સમય જાય તેમ છે તેમજ વિ. જ્યુડી.મેજી.ફ.ક. ટ્રાયેબલ ગુનો છે, આરોપી સ્થાવર જંગમ મિલકતો ધરાવે છે, નાસી ભાગી જાય તેવી કોઈ શક્યતા નથી તેમજ નામદાર સુપ્રિમકોર્ટનાં **(૧) ૨૦૧૨(૧) સુ.કો.કે. ૪૦, સંજય ચંદ્રા વિ. સી.બી.આઈ. તથા (૨) ૨૦૨૦(૧૧) સુ.કો.કે. ૬૪૮, પ્રભાકર તિવારી વિ. સ્ટેટ ઓફ યુ.પી.** નાં ચૂકાદાઓમાં કરેલ અવલોકનો ધ્યાને લેતાં આરોપી સામે બીજા અનેક ગુના નોંધાયેલ હોવાનાં કારણ માત્રથી આરોપીનાં જામીન રદ કરી શકાય નહીં તેવું ઠરાવેલ છે વિગેરે તમામ સંજોગોમાં બેલ એ નિયમ અને જેલ તે અપવાદના સિદ્ધાંતોને લક્ષમાં લઈ અરજદારને યોગ્ય રકમના શરતી જામીન પર મુકત કરવા વ્યાજબી જણાતું હોઈ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

**(૧)** આ કામનાં અરજદાર/આરોપીની બી.એન.એસ.એસ. કલમ-૪૮૩ અન્વયેની રેગ્યુલર જામીન અરજી આથી શરતી **મંજૂર** કરવામાં આવે છે.

**(૨)** આ કામના અરજદારને તેમની વિરૂદ્ધ નોંધાયેલ જેતપુર તાલુકા પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૨૩૨૫૦૩૭૧/૨૦૨૫ થી પ્રોહી. એક્ટની કલમ-૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનાં ગુના સબબ **અરજદારે રૂા. ૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પુરા)** ના જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા સબંધિત ટ્રાયલ અદાલત સમક્ષ ટ્રાયલકોર્ટને સંતોષકારક જણાય તે રીતે નીચેની શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

**<u>શ ર તોઃ</u>-**

**એ.** અરજદારે ફરિયાદપક્ષનાં સાહેદોને ફોડવા નહીં કે ધાક ધમકી આપવી નહીં.

**બી.** અરજદારે સબંધિત અદાલતની પૂર્વ પરવાનગી સિવાય **ગુજરાત** રાજયની હદ છોડવી નહી.

**સી.** અરજદારે નામદાર સબંધિત અદાલતમાં જામીન આપતી વખતે પોતાનું કાયમી રહેણાંકનુ સરનામું દસ્તાવેજી પુરાવાથી જાહેર કરવું અને તેમાં નામદાર સબંધિત અદાલતની પૂર્વ પરવનાગી વગર ફેરફાર કરવો નહીં.

**ડી.** અરજદારે ફરીવાર આવા પ્રકારનું કોઈ ગુનાહિત કૃત્ય કરવું નહીં.

**ઈ.** અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો સબંધિત અદાલતમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતાં ન હોય તો તે અંગેની હકીકત સોગંદનામાં ઉપરજાહેર કરવી.

(૩) અરજદારે જામીન સબંધિત ટ્રાયલ કોર્ટમાં આપવાનાં રહેશે.

(૪) ઉપરોકત હુકમની જાણ કરતી યાદી સંબંધિત નીચેની ટ્રાયલ કોર્ટ તથા સંબંધિત પોલીસ સ્ટેશનને હુકમની અમલવારી માટે મોકલવી.

આ હુકમ આજરોજ **તા. ૧૧, માહે–માર્ચ, સને–૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખઃ ૧૧/૦૩/૨૦૨૬**
**મુકામઃ જેતપુર.**

**( રાજેશ સુરેશચંદ્ર પુરાણી )**
**૭ માં એડિશ્નલ સેશન્સ જજ,**
**જેતપુર, જિ. રાજકોટ**
(**Code No.GJ**00727)